# MyCARE

With me, every step of the way




“આનંદપ્રદ અને આરામદાયક પ્રવાસના અનુભવ માટે ઇન્સ્યુલિન સાથે, સારી તૈયારી કરવી અને સાવચેતી રાખવી મહત્વપૂર્ણ છે.”

USV

# પ્રવાસ-પૂર્વ તૈયારીઓ


# આ સંબંધમાં પ્રવાસ પહેલાં આપના ડૉક્ટરની મુલાકાત લેશો

- આવશ્યક રસીકરણો
- ઇન્સ્યુલિન ઍડ્જસ્ટમેન્ટ્સ
- આપની વર્તમાન સ્વાસ્થ્યની સ્થિતિ વિશેના તબીબી દસ્તાવેજો
- સોય (નીડલ્સ, લૅન્સેટ્સ વગેરે) સાથે લઈ જવાની જરૂરિયાત




## ફ્લાઇટના વિલંબો અથવા લંબાવેલ રહેઠાણ દરમિયાન, અતિરિક્ત પેક કરવું સલાહ ભરેલું છે

- ઇન્સ્યુલિન વાયલ્સ/ કાર્ટરિજ
- સીરિંજ/ પેન
- હાયપો–કિટ મટેરિઅલ્સ
- ગ્લુકોમીટર સ્ટ્રિપ્સ
- યુરિન/ બ્લડ કીટોન સ્ટ્રિપ્સ



**હમેશાં,** ગેરવલ્લે થયેલા સામાનના કિસ્સામાં જોખમને દૂર કરવા માટે **ઇન્સ્યુલિનનો પુરવઠો બે અલગ અલગ બેગમાં રાખો**



પ્રાદેશિક હવામાન પરિસ્થિતિઓ અનુસાર **યોગ્ય વસ્ત્રો તથા પગરખાંઓ સાથે રાખજો**



# પ્રવાસ કરતી વખતે ઇન્સ્યુલિન સંગ્રહિત કરવું


# અતિશય તાપમાન પ્રત્યે સંવેદનશીલ હોવાને કારણે, ઇન્સ્યુલિન ક્યારેય આમાં રાખવું જોઈએ નહીં

- ફ્રીઝર
- સીધું જ બરફ ઉપર
- સીધા સૂર્યપ્રકાશ હેઠળ
- કારના ગ્લવ કમ્પાર્ટમેન્ટની અંદર






ઇન્સ્યુલિનની શીશી/પેનને
**ખાસ ઇન્સ્યુલેટેડ અથવા કૂલિંગ પાઉચમાં સંગ્રહિત કરો** જે સરળતાથી ઉપલબ્ધ છે




કાર્ગોમાં શૂન્ય તાપમાનથી નીચેના
નુકસાનને ટાળવા માટે
**વિમાનમાં મુસાફરી કરતી વખતે**
**ઇન્સ્યુલિન હંમેશા હાથમાં લઈ**
**જવાના સામાનમાં** રાખવું જોઈએ




# ટાઇમ-ઝોનની આરપાર પ્રવાસ કરતી વખતે ઇન્સ્યુલિન લેવામાં અડ્જસ્ટમેન્ટ

**પશ્ચિમથી પૂર્વ તરફ પ્રવાસ કરતી વખતે** આપને ઓછા ઇન્સ્યુલિનની જરૂર પડી શકે છે, કારણ કે, દિવસો ટૂંકા થતા જાય છે



**પૂર્વથી પશ્ચિમ તરફ પ્રવાસ કરતી વખતે** આપને વધારે ઇન્સ્યુલિનની જરૂર પડી શકે છે, કારણ કે, દિવસો લાંબા થતા જાય છે



જ્યારે આપ વિભિન્ન ટાઇમ-ઝોનમાં પ્રવાસ કરવાનું આયોજન ઘડી રહ્યા હો ત્યારે, આપના ડોક્ટર સાથે આપે અગાઉથી ઇન્સ્યુલિન લેવાના સમય અને માત્રાઓ વિશે ચર્ચા કરવાની જરૂર રહેશે




# ઇન્સ્યુલિન ઍડ્જસ્ટમેન્ટ્સ આ બાબતો પર કરવાનું રહેશે


ફ્લાઇટની સમયાવધિ




ટાઇમ–ઝોનમાં ફેરફાર થવાના કલાકોની સંખ્યા




ભોજન અને નાસ્તાના સમય




લેઓવર્સ




ઇન્સ્યુલિનની માત્રાઓનું નિયમિત પ્રારૂપ (પૅટર્ન)



ગંતવ્ય સ્થાન પર પહોંચવાનો સમય




દિવસની પ્રવૃત્તિઓ



# આંતરરાષ્ટ્રીય દેશોમાં ઇન્સ્યુલિનની ખરીદી કરવી


આપ જે દેશમાં પ્રવાસ કરી રહ્યા છો ત્યાં ઉપલબ્ધ વિવિધ ઇન્સ્યુલિન સાંદ્રતા (કૉન્સન્ટ્રેશન્સ)થી **આપે વાકેફ રહેવું જોઈએ.** કેટલાક દેશોમાં **U-40, U-100** અથવા **U-80** ઉપલબ્ધ હોઈ શકે છે




**નોંધઃ** આવશ્યકતા કરતાં વધુ કે ઓછું ઇન્સ્યુલિન લેવાનું ટાળવા માટે, કૉન્સન્ટ્રેશન અનુસાર યોગ્ય સિરીંજનો ઉપયોગ કરવો જોઈએ.

# સ્વયં-કાળજી લેવાનાં સૂચનો


**હંમેશા આપની સાથે આપનું ડાયાબિટીસ ઓળખ કાર્ડ**
અને ડોક્ટરનું તાજેતરનું પ્રિસ્ક્રિપ્શન રાખવું



એરપોર્ટ પર સુરક્ષા તપાસના કિસ્સામાં આપને માટેના જરૂરી હોય તેવા **સંબંધિત દસ્તાવેજો સાથે રાખજો**




પ્રવાસ કરતી વખતે અને ગંતવ્ય સ્થાન પર **ઉપલબ્ધ આહારના વિકલ્પો વિશે જાણી લેજો,** જેથી કરીને આપ સ્વસ્થ અને સમયસર ખોરાકનું આયોજન કરી શકો



**નોંધઃ** કેટલોક સ્વાસ્થ્યકારક નાસ્તે સાથે રાખજો

**બ્લડ સુગરનું નિરીક્ષણ કરો** કારણ કે, તે દિનચર્યા, સમય, આરોગવામાં આવેલ ખોરાક અને મુસાફરી દરમિયાન વધેલી અથવા ઘટેલી પ્રવૃત્તિઓમાં પરિવર્તનોને આધારે વધુ કે નીચી જઈ શકે છે



“ વધુ માહિતી માટે તમારા ડૉક્ટરનો
સંપર્ક કરો અથવા તમારા
**MyCARE ડાયાબિટીસ એજ્યુકેટરનો**
સંપર્ક કરો. ”



MyCARE

With me, every step of the way

## Reference


- Diabetes Management during travel. Accessed from: https://www.openaccessjournals.com/articles/Diabetes-management-during-travel.pdf
- Toschi.E. Safe and effective use of Insulin requires proper storage. December 4, 2018. Harvard medical school. Available at: Safe and effective use of Insulin requires proper storage - Harvard Health. Accessed March 30, 2022
- Foronoville E. How to keep Insulin cold while travelling. January 26, 2021. Available at How to keep Insulin cold while travelling – Diabetic & Me (diabeticme.org). Accessed March 30, 2022


Issued in Public Interest by USV

The guide/presentation/content/literature is for general information, guidance and educational purposes only and is not complete or exhaustive. The guide /presentation/content/literature is not intended or implied to replace or substitute any current practice and or advice/guidance/diet provided by healthcare professionals. This guide/presentation/content/literature does not constitute any treatment/therapy/medication/diet/opinions for any patients who are on diabetes medication, the patients are required to prior consult their healthcare professional before acting on any change on treatment/therapy/medication/diet and/or opinions. USV Private Limited makes no representations as to accuracy, completeness, correctness, suitability or validity of any information contained in this guide/presentation/content/ literature and will not be liable for any losses, injuries or damages arising from its use.